સુવિચાર : વક્તૃત્વ એટલે વિચારોનું ચિત્ર ચિતરવું તે, એવી રીતે બોલવું કે સાંભળનારા પ્રસન્ન થઈ જાય - રજનીશ

તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૩૪ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૮૯ | ૩૦ ડિસેમ્બર, ૨૦૧૫, બુધવાર ; માગશર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- નવા વર્ષમાં મોબાઇલ ઉપર પૈનિક એલર્ટ સુવિધા મળશે
- એચડીએફસી બેંક દ્વારા ધિરાણદરમાં ૦.૦૫ ટકાનો ઘટાડો
- ઇન્દિરા આવાસ યોજનાનુ નામ મોદી સરકાર બદલશે
- મોદી, સંસદ અને પરમાણુ સ્થળ પર હુમલાનો ખતરો
- સેન્સેક્સ ૪૫ પોઇન્ટ સુધરી ૨૬૦૭૯ની ઉંચી સપાટીએ
- ઇ-ટ્યુરિસ્ટ વિઝામાં ૨૪૧ ટકાનો જંગી વધારો
- મોતિયા કાંડની ચકાસણી માટે નિષ્ણાત ટીમ રાજકોટ પહોંચી
- શિક્ષણની માહિતી ઓનલાઈન આપવા વેબપોર્ટલનો શુભારંભ
- નવા વર્ષની ઉજવણી માટે પોલીસ તંત્ર સુસજ્જ

## ISISમાં જોડાવા ઈચ્છુક ત્રણ યુવાનો ઝડપાયા

**હૈદરાબાદ પોલીસે ઝડપી પાડેલા શખ્સોની ઉંડી પુછપરછ : થોડાક દિવસ પહેલા જ વધુ કેટલાક યુવાનો પણ ઝડપાયા હતા : આઈએસના ખતરનાક ઈરાદાને નિષ્ફળ કરવા ભારતીય સુરક્ષા સંસ્થાઓ-પોલીસ સજ્જ**

હૈદરાબાદ,તા. ૨૯


હૈદરાબાદ પોલીસે ઈરાક અને સિરિયામાં ખતરનાક પ્રભુત્વ ધરાવનાર અને વિશ્વમાં અનેક ભીષણ હુમલાને અંજામ આપનાર ત્રાસવાદી સંગઠન આઈએસમાં સામેલ થવાની યોજના ધરાવનાર અન્ય ત્રણ યુવાનોની હૈદરાબાદ પોલીસે અટકાયત કરી લીધી છે. ત્રણેય યુવાનોને મોડી રાત્રે પકડી લેવામાં આવ્યા હતા. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પોલીસે ઝડપાયેલા ત્રણેય શખ્સોની પાસેથી મોબાઈલ ફોન અને ટેબલેટ કબજે કરવામાં આવ્યાછે. જપ્ત કરવામાં આવેલા મોબાઈલ અને ટેબલેટ હવે તપાસ માટે ફોરેન્સિક સાયન્સ લેબમાં મોકલી દેવામાંઆવ્યા છે. ત્રણેય યુવાનોની કાયદાની જોગવાઈ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. આ ત્રણેય યુવાનો અફઘાનિસ્તાન, ઈરાક અને સિરિયા જવાની યોજના ધરાવતા હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૬મી ડિસેમ્બરના દિવસે એન્ટી ટેરરિઝમ સ્કવોર્ડ (એટીએસ) દ્વારા નાગપુરમાં ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. આ ત્રણેય શખ્સો વિશ્વના સૌથી ખતરનાક આતંકવાદી સંગઠન આઈએસમાં સામેલ થવાની યોજના બનાવી રહ્યા હતા. નાગપુર વિમાની મથકે ત્રણેયની ધરપકડ કરી લેવામાં આવી હતી. નાગપુર એટીએસના જણાવ્યા મુજબ ધરપકડ કરવામાં આવેલા લોકો તેલંગાણાના હતા અને તેઓ જમ્મુ કાશ્મીર જઈ રહ્યા હતા. મંગળવારના દિવસે એટીએસે પુણેમાં એક વ્યક્તિની અટકાયત કરી

● અનુસંધાન પાન-૭ પર

## જાણીતા સર્જક રઘુવીર ચૌધરીને જ્ઞાનપીઠ એવોર્ડ

**સાહિત્યક્ષેત્રે ભારતનું નૉબેલ પ્રાઈઝ ગણાતા જ્ઞાનપીઠ પારિતોષિક મેળવનારા ચોથા ગુજરાતી : માણસા તાલુકાના બાપુપુરાના વતની રઘુવીર ચૌધરીને પારિતોષિકની જાહેરાત થતા ગાંધીનગર સાહિત્ય રસિકોમાં આનંદનું મોજું**



ગાંધીનગર, તા.૨૯

ગુજરાતી સાહિત્યના સમર્થ સર્જક રઘુવીર ચૌધરીને ભારતીય જ્ઞાનપીઠ પારિતોષિક જાહેર કરાયું છે. નવી દિલ્હી ખાતે ભારતીય જ્ઞાનપીઠના નિર્દેશક લીલાધર મંડલોઈએ આજે આ પારિતોષિકની અધિકૃત જાહેરાત કરતા જ સમગ્ર ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આનંદનં મોજું ફરી વળ્યું છે. મૂળ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના બાપુપુરા ગામના ખેડૂતપુત્ર રઘુવીર ચૌધરી આ સન્માન મેળવનારા ચોથા ગુજરાતી સાહિત્યકાર છે. આ સન્માન ગાંધીનગર જિલ્લા સહિત સમગ્ર ગુજરાત માટે ગૌરવની ઘટના છે. સાહિત્ય ક્ષેત્રે ભારતનું નૉબેલ પ્રાઈઝ ગણાતું ભારતીય જ્ઞાનપીઠ પારિતોષિક રઘુવીર ચૌધરીને તેમના સમગ્ર સાહિત્ય સર્જન બદલ એનાયત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતી ભાષાના સમર્થ કવિ, નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યકાર, ચરિત્રકાર તથા વિવેચક તરીકે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા રઘુવીર ચૌધરીને આ પારિતોષિક માટે પસંદ કરવા બદલ પ્રતિક્રિયા આપતા તેમણે જણાવ્યું હતું કે 'આ ગુજરાતી સાહિત્ય માટે ગૌરવની વાત છે, ગુજરાતી સાહિત્ય ખૂબ જ ઉચ્ચ કક્ષાનું છે અને આ પારિતોષિકથી સમગ્ર દેશના સાહિત્ય રસિકોનું ધ્યાન ગુજરાતી સાહિત્ય તરફ ખેંચાશે.'

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ભારતીય જ્ઞાનપીઠ મેળવનારા ગુજરાતી સાહિત્યકારો

● અનુસંધાન પાન-૭ પર

## હાવડા-અમૃતસર એક્સપ્રેસમાં ગેંગરેપ

**સેનાના જવાનો પર ભોગ બનેલી કિશોરીના આક્ષેપથી સનસનાટી : હાવડા સ્ટેશને કિશોરી ટ્રેનમાં સેનાના ડબ્બામાં બેસી ગઈ હતી : એક મિત્રને મળવા લુધિયાણા જતી કિશોરી ઉપર કૃત્ય : ફરાર જવાનોની ઉંડી શોધખોળ**

નવી દિલ્હી,તા. ૨૯

ઝારખંડના દેવઘરમાં હાવડા-અમૃતસર એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી રહેલી એક કિશોરીએ સેનાના જવાનો પર ગેંગ રેપ કરવાનો આક્ષેપ કર્યો છે. ગેંગ રેપનો શિકાર થયેલી મહિલાએ આક્ષેપ કરતા કહ્યુ છે કે ચાલતી ટ્રેનમાં સેનાના જવાનોએ તેને બળજવબરીપૂર્વક શરાબ પીવડાવી દીધી હતી. ત્યારબાદ તેના પર ગેંગ રેપ કરવામાં આવ્યો હતો. જાણકાર લોકોના કહેવા મુજબ આ યુવતિ હાવડા-અમૃતસર એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી રહી હતી. હાવડામાં તે સેનાના ડબ્બામાં ઘુસી ગઈ હતી. તે પોતાના એક મિત્રને મળવા માટે લુધિયાના જઈ રહી હતી. રસ્તામાં યુવતિને શરાબ પીવાની ઓફર કરવામા ંઆવી હતી. તેને બળજબરીપૂર્વક શરાબ

આપવામાં આવી હતી. ત્યારબાદ સેનાના ત્રણ જવાનોએ તેના પર ગેંગ રેપ કર્યો હતો. મામલામાં ખુલાસો એ વખતે થયો હતો જ્યારે ટ્રેન માધુપુર પહોંચી હતી. મામલામાં સેનાના એક જવાનની ધરપકડ કરવામાં આવી છે.યુવતિને મેડિકલ ટેસ્ટ માટે માધુપુરની એક હોસ્પિટલમાં મોકલી દેવામાં આવી છે. યુવતિની વય ૧૪ વર્ષની હોવાના હેવાલ મળ્યા છે. માધેપુરા સ્ટેશન ખાતે તેની ફરિયાદના આધારે કેસ દાખલ કરવામાં આવ્યો છે. કિશોરી પર ગેંગ રેપ કરનાર બીજા બે જવાન ફરાર છે. રેપના અહેવાલને સમર્થન મળ્યા બાદ મેડિકલ ટેસ્ટ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ બનાવના કારણે સેનાના જવાનોની પ્રતિષ્ઠાને પણ મોટો ફટકો પડ્યો છે.





ગુજરાત ગૌરવનું સ્વાગત - વિજય હઝારે ટ્રોફીમાં વિજેતા બનેલી ગુજરાતની ટીમ અમદાવાદ વિમાની મથકે પહોંચતા સ્વાગત કરાયું છે.

## રવિ સીઝનમાં દસકાનું વિક્રમી વાવેતર

**જિલ્લામાં રવિ સીઝનના પાક-વાવેતર પેટર્નમાં બદલાવ નોંધાયો**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે રવિ સીઝનમાં પાક-વાવેતરની પેટર્નમાં બદલાવ સાથે વિક્રમી વાવેતર થવા પામ્યું છે.

જિલ્લામાં આ વેળાએ પાછોતરી ઠંડીએ જે માહોલની જમાવટ કરી છે તેને પગલે ઘઉં તેમજ ફેર રોપણીના પાકોમાં વાવેતર વિસ્તારમાં નોંધફાત્ર વધારાથી ઘાસાચારા અને શાકભાજીના પાકોમાં વાવેતરમાં પણ વધારો થવા પામ્યો છે.

જિલ્લામાં રવિ સીઝન દરમિયાન ૬૯,૫૫૩ હેક્ટર વિસ્તારમાં આ વખતે વાવેતર થયુ છે જે છેલ્લા દસકામાં સૌથી વધારે છે. ગત વર્ષની તુલનામાં તે ૬ હજાર હેક્ટર વિસ્તારમં વધુ વાવેતર છે.

જિલ્લામાં પાછોતરી ઠંડીએ ખેતીના માહોલમાં બદલાવ લાવી દીધો તેમજ બજાર ભાવોની સ્થિતિને ધ્યાને રાખી ખેડૂતોએ તેમની પાક-વાવેતરની પેટર્નમાં પણ બદલાવ કર્યો છે.

શાકભાજીના પાકો ૭૩૯૭ હેકટરમાં વાવેતર થયું છે. જેમાં સૌથી વધુ વાવેતર કલોલ અને માણસામાં નોંધાયું છે. જો કે બટાકાના ગત વર્ષે ભાવ ન મળવાને કારણે લગભગ સરેરાશ વાવેતર જળવાઈ રહ્યું છે આમ છતાં ગત વર્ષની તુલનામાં ૩૦૦ જેટલો વાવેતર વિસ્તાર ઘટ્યો છે.

ફેર રોપણીના પાક જેવા કે તમાકુ-વરિયાળીના વાવેતર વિસ્તારમાં વધારો થયો છે. જયારે ઘઉંના પરંપરા પાક-વાવેતર વિસ્તારમાં ૧૩૦૦હેક્ટર જેટલો જ વધારો થવા પામ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## કલેકટરની સત્તાઓમાં વધારો કરાયો

ગાંધીનગર, તા.૨૯

કલેક્ટરોની સત્તામાં વધારો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જમીનોને લગતી ફાઈલોનું ભારણ ઘટે તે હેતુસર આ પગલા લેવાયા છે. પાંચ કરોડથી વધુ પ્રિમિયમ માટે ફાઈલો ગાંધીનગર મોકલવી પડશે જ્યારે પાંચ કરોડ સુધીનું પ્રિમિયમ કલેક્ટરો વસુલી શકશે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વહીવટને સરળ કરવા અને ઝડપી કામ થાય તે માટે ૫ કરોડ સુધીની જમીનોને બિન ખેતીની કરવા કે અન્ય મંજુરીઓ માટેની સત્તાઓ રાજયના ૩૩ કલેકટરોને સોંપી છે. જેનાથી રીયલ એસ્ટેટના કામોમાં ઝડપ આવતા નિકાલ ઝડપી બનશે. ગાંધીનગરમાં હજારો ફાઈલોનો ભરાવો થઈ જતો હતો તે એક જ નિર્ણયથી હવે ગાંધીનગરનું ભારણ ઘટશે. જોકે, પાંચ કરોડથી વધુની કિંમતની ખેતીની જમીનોને ગાંધીનગરથી જ મંજુરી મળશે.દેશમાં કોઈ કલેકટરને આટલી વિશાળ સત્તાઓ નથી. પાંચ કરોડ સુધીની જમીનોની સત્તા

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યના હવામાનમાં એકાએક ફેરફાર

**રાજ્યભરમાં ગરમીનો અનુભવ : લઘુત્તમ તાપમાનમાં એકાએક નોંધપાત્ર વધારો નોંધાયો : ગાંધીનગરમાં લઘુતમ તાપમાન ૧૩.૬ ડીગ્રી**



અમદાવાદ,તા. ૨૯

ગાંધીનગર સહિત ગુજરાતભરમાં એકાએક ગરમીનો અનુભવ લોકોએ કર્યો છે.ઠંડીની સિઝનમાં એકાએક ગરમીનો અનુભવ થતા તમામને આશ્ચર્ય થયું છે. આજે અમદાવાદમાં બપોરના ગાળામાં લોકોએ પંખા અને એસીનો ઉપયોગ કર્યો હતો. તમામ લોકો ગરમીનો અનુભવ થયો હોવાની ચર્ચા કરતા નજરે પડ્યા હતા. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન વધીને ૧૪.૩ ડિગ્રી થઈ ગયું હતું. જ્યારે પાટનગરમાં ગાંધીનગરમાં ૧૩.૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન રહ્યું હતું.

રાજયના અન્ય ભાગોમાં પણ ગરમીનો અનુભવ થયો હતો.

હવામાન વિભાગ તરફથી લઘુત્તમ તાપમાન માટેની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી. એકાએક તાપમાનમાં વધારો થતા મોટી સંખ્યામાં બાળકો અને મોટી વયના લોકો બિમારીના સકંજામાં આવી ગયા હતા. હાલમાં નિચલી ચપાટી પર પવન ફુકાઈ રહ્યા છે.

નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૨.૮ રહ્યું હતું જ્યારે વીવીનગરમાં તાપમાન ૧૧.૪ અને વલલાડમાં લઘુત્તમ તાપમાન ૧૧.૬ ડિગ્રી રહ્યું હતું. એકાએક ગરમીના અનુભવને લઈને લોકોમાં પણ અટકળો રહી હતી. જોકે લઘુત્તમ તાપમાનમાં હજુ ફેરફાર થાય તેવા સંકેત છે. તાપમાનમાં ફરીવાર ઘટાડો થઈ શકે છે. એકબાજુ ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી પડી રહી છે ત્યારે ગુજરાતના વિવિધ ભાગોમાં એકાએક લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે.

7મી વખત ગાંધીનગરમાં
ARAVALLI Art & Craft Festival - 2015
૨૪/૧૨/૨૦૧૫ થી ૧૦/૧/૨૦૧૬
ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું
પ્રદર્શન અને વેચાણ
TIME : 11.00 AM to 10.00 PM
હેન્ડીક્રાફ્ટ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી
રાજસ્થાની કાષ્ઠ શિલ્પ, પેન્ટીંગ, ગુજરાતી એમ્બ્રોયડરી, બેટ શીટ્સ, પડદા, કાશ્મીરી હસ્તકલા અને કપડા, કલકત્તાની સાડી, જ્વેલરી, કલક્તાનું ટેકારોટા તથા કાપા કોટન ટોપ્સ
એન્ટ્રી પાર્કીંગ ફ્રી
ઘ-3 સર્કલ, સેક્ટર-૬ ગ્રાઉન્ડ, ગાંધીનગર

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

